# <u>આંક-૨૧ તથા આંક-૨૨ ની અરજીનો સંયુક્ત હુકમ</u>

## <u>ઉમરાળાના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. ઉમરાળા.</u>

રેગ્યુ.દિવાની.કેસ.નં.૧૦૯/૨૦૨૧
આંક :-

| | | |
|---|---|---|
| વાદી | : | મનજીભાઈ જમનાદાસ સવાણી<br>ઉ.વ.આ.૬૫, ધર્મે : હિન્દુ,<br>ધંધો : ખેતી<br>રહે.પ્લોટ વિસ્તાર,ઉમરાળા,<br>ભાવનગર. |

<u>વિરુધ્ધ</u>

| | | | |
|---|---|---|---|
| પ્રતિવાદીઓ | : | (૧) | ભગવાનભાઈ કાળુભાઈ સવાણી<br>ઉ.વ.આ.પુખ્ત, ધર્મે : હિન્દુ, ધંધો : ખેતી,<br>રહે. ઉમરાળા |
| | | (૨) | કાનજીભાઈ કાળુભાઈ સવાણી<br>ઉ.વ.આ.પુખ્ત, ધર્મે : હિન્દુ, ધંધો : ખેતી,<br>રહે. ઉમરાળા |

**બાબત :** સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ હેઠળ દાવો રદ્દ કરવા માટેની પ્રતિવાદીઓની આંક-૨૨ ની અરજી લગત હુકમ.

(૧) આ દાવામાં પ્રતિવાદીઓએ સી.પી.સી.ઓર્ડર ૭ રુલ ૧૧ હેઠળ દાવો રદ્દ કરવા આંક-૨૨ થી અરજી આપેલ છે. પ્રતિવાદીઓએ આંક-૨૨ની અરજીમાં જણાવેલ છે કે, પ્રતિવાદીઓ સામે વાદી જે સ્વરુપનો દાવો લાવી દાદ માંગેલ છે તે ધ્યાને લેતા, સદરહું દાવો મામલતદાર કોર્ટ અધિનિયમ ૧૯૦૬ મુજબ મામલતદાર કોર્ટ એક્ટની કલમ-૫(૨) મુજબ મામલતદારશ્રી સમક્ષ દાવો દાખલ થઈ શકે. જેથી સદરહું દાવો મામલતદાર કોર્ટ એક્ટના કાયદા મુજબ તે કોર્ટની હકુમત ઓવરટેઈક કરી અત્રેની અદાલતમાં જે દાવો દાખલ કરેલ છે તે દાવો સીવીલ જજને ચલાવવા હકુમત નહી હોય જેથી સદર દાવાને હકુમતનો બાધ નડતો હોય વાદીનો દાવો સી.પી.સી ઓર્ડર ૭

રુલ ૧૧ તથા કલમ ૧૫૧ હેઠળ રદ્દ કરવા હુકમ કરવા અરજ છે. તેમજ સદર દાવાના કામે વાદી દ્વારા નામ. કોર્ટ સમક્ષ સ્તય હકીકત છુપાવી એકતરફી મેળવેલ સ્ટેસ કર્યો. નામદાર કોર્ટની હકુમત ન હોવા છતાં સ્ટેટસ કરવાનો હુકમ કરેલ છે તે હુકમ રદ્દ કરવા અરજ છે.

(૨) પ્રતિવાદીઓએ આંક-૨૩ થી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા તેમની આંક-૨૨ ની અરજીના સમર્થનમાં રજુ કરેલ છે.

૧. ઉમરાળાના મામલતદાર સાહેબશ્રીનો હુકમ તા.૩૧/૧૨/૧૯૬૦ ઝેરોક્ષ

૨. મામલતદાર કોર્ટ કેસ નં.૦૩/૨૦૨૦ ના હુકમની કોપી તા.૧૨/૧૧/૨૦૨૦ ઝેરોક્ષ

૩. પ્રાંત અધિકારીશ્રી સમક્ષ રીવીઝન નંબર ૦૭/૨૦૨૦ તા.૨૦/૦૪/૨૦૨૧ ની ઝેરોક્ષ

૪. આ કામના વાદીએ મામલતદારશ્રી કોર્ટ કેસ નં.૦૩/૨૦૨૦ ના કામે તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ થયેલ પંચ રોજકામમાં હાજર રહેલ તે પંચરોજકામની ઝેરોક્ષ

૫. આ કામના વાદીએ મામલતદારશ્રી કોર્ટ કેસ નંબર ૦૩/૨૦૨૦ ના કામે તા. ૦૫/૧૧/૨૦૨૦ ના રોજ કરેલ સોગંદનામું ઝેરોક્ષ

૬. આ કામના વાદીએ મામલતદારશ્રી કોર્ટ કેસ નંબર ૦૩/૨૦૨૦ ના કામે તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ આપેલ જુબાનીની નકલ ઝેરોક્ષ

૭. વાદગ્રસ્ત જગ્યાના ફોટોગ્રાફ્સ તા.૧૭/૦૫/૨૦૧૧ ના રોજ પાડેલ ઝેરોક્ષ

આ દાવામાં પ્રતિવાદીઓએ રજૂ કરેલા ઉપરોક્ત દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.

(૩) આ દાવામાં વાદીએ આંક-૨૬ થી પ્રતિવાદીની આંક-૨૨ ની અરજીનો જવાબ રજૂ કરેલ છે. જેમાં વાદીઓએ જણાવેલ છે કે, પ્રતિવાદીઓની અરજી ખરી કે કાયદેસરની ન હોય પ્રતિવાદીઓની અરજી રદ્દ થવાને પાત્ર છે. પ્રતિવાદીઓને હાલની આ અરજી લાવવા માટે કોઈ કાયદેસરનું કારણ ન હોય તેથી પણ પ્રતિવાદીઓની અરજી રદ્દ જવાને પાત્ર છે. પ્રતિવાદીઓની હાલની આ અરજી શુધ્ધબુધ્ધિ પૂર્વકની ન હોય કાયદાની જોગવાઈનું યોગ્ય અર્થઘટન કર્યા સિવાય હાલની આ અરજી કરેલ હોય આ અરજી રદ્દ જવાને પાત્ર છે. વાદી દ્વારા હાલનો દાવો વિજ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમ માટેનો કરેલ છે. દાવો લાવી નામદાર અદાલત પાસે એવી દાદ માંગેલ છે કે, પ્રતિવાદીઓને વાદીની જમીનમાંથી ચાલવાનો કોઈ હક્ક કે અધિકાર ન હોવાનું અને તે મતલબનો હુકમ તથા હુકમનામું માટેનો દાવો લાવેલ છીએ અને તે રીતે વાદીનો હાલનો દાવો ઈનમેન્ટરી રાઈટનો હોય અને તે માટે નામદાર સીવીલ કોર્ટને હકૂમત હોય તેથી હાલનો આ દાવો

લાવેલ છે. વાદીએ પ્રતિવાદીઓની સામે મામલતદાર કોર્ટ એક્ટની જોગવાઈ તળેની કોઈ દાદ માંગેલ નથી તેથી પ્રતિવાદીઓની આ અરજી ટકી શકે તેમ નથી. આ દાવો ચલાવવા સીવીલ કોર્ટને હકુમત હોય પ્રતિવાદીઓની સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ હેઠળ તથા કલમ ૧૫૧ હેઠળ રદ્દ કરવા હુકમ મેળવવા હક્કદાર ન હોય પ્રતિવાદીઓની અરજી રદ્દ જવાને પાત્ર છે. ઉપરોક્ત હકીકત વાદીએ તેમની આંક-૨૬ ની અરજીમાં જણાવેલ છે.

(૪) આ દાવામાં આંક-૨૮ થી પ્રતિવાદીઓએ વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીનો લેખીત જવાબ રજૂ કરેલ છે. વાદીએ આંક-૨૮ ના જવાબની નકલ મેળવેલ છે જેથી વાદીનાં એડવોકેટે આંક-૨૮ માં નકલ મળ્યા અંગે સહી કરેલ છે. પ્રતિવાદીઓએ આંક-૨૮ ના જવાબમાં જણાવેલ છે કે, વાદીનો દાવો તથા મનાઈહુકમની અરજી ખરી નથી અને પ્રતિવાદી કબૂલ મંજુર કરતા નથી. વાદીના દાવાને ડીલે, લેચીઝ અને એસ્ટોપલનાં સિદ્ધાંતનો બાધ નડે છે. વાદીનો દાવો મૂળથી જ સમયમર્યાદા બહારનો છે. આથી વાદીનો દાવો રદ્દ થવાને પાત્ર છે. વાદીના દાવાને પ્રીન્સીપલ ઓફ રેસ-જયુડીકર્તાનો બાધ નડે છે. સી.પી.સી. કલમ ૧૧ અન્વયે વાદીનો દાવો ચાલવાપાત્ર ન હોય વાદીનો દાવો રદ્દ કરવા પ્રતિવાદીની અરજ છે. તેમજ પ્રતિવાદીઓએ આંક-૨૧ તથા આંક-૨૨ થી સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ તથા હકુમત અંગેની અરજી રજૂ રાખેલ છે તે અરજીની હકીકત સદરહું હકીકતને જવાબના એક ભાગ તરીકે ગણવા અરજ છે. વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝનો બાધ નડે છે. વાદીએ સત્ય હકીકત છુપાવી, અસત્ય હકીકતો આગળ ધરી હાલનો દાવો તથા મનાઈ હુકમની અરજી કરેલ હોય, દાવો તથા મનાઈહુકમની અરજી રદ્દ થવાને પાત્ર છે. વાદીઓ ઈકવીટીની કોઈ દાદ માંગવા કે મેળવવા હક્કદાર નથી. સદર દાવો દાખલ કરતા વાદી દ્વારા નામ. કોર્ટ સમક્ષ મહાલકારી સાહેબના હુકમનો ઉલ્લેખ દાવા અરજીમાં જણાવેલ છે તેમજ સદરહું વાદવાળા રસ્તા અંગે વાદી ખુદ તે કેસમાં પંચ સાહેદ તરીકે હાજર રહેલ હોય અને તે કામે પ્રતિવાદીઓ તથા હંસાબા કિશોરસિંહ ગોહિલના કેસના હુકમની જાણકારી હોવા છતાં તે હકીકત જાણીજોઈને છુપાવી એકતરફી સ્ટેટસ મેળવેલ છે. પ્રતિવાદીઓ સામે વાદી જે સ્વરુપનો દાવો લાવી દાદ માંગેલ છે તે ધ્યાને લેતા સદરહું દાવો મામલતદાર કોર્ટ અધિનિયમ ૧૯૦૬ મુજબ મામલતદાર કોર્ટ એક્ટની કલમ-૫(૨) મુજબ મામલતદાર કોર્ટમાં દાવો દાખલ થઈ શકે. સીવીલ જજને દાવો ચલાવવા હકુમત થતી હોય જેથી સદર દાવાને હકુમતનો બાધ નડતો હોય વાદીને દાવો પરત કરવા અરજ છે. આ કામના વાદી નામદાર કોર્ટ સમક્ષ ન્યાય લેવા ચોખ્ખા હાથે ન આવતા હોય ત્યારે તેઓ નામદાર કોર્ટની કોઈ મદદને હક્કદાર નથી. વાદીએ નામ.

કોર્ટ સમક્ષ સાચી હકીકત છુપાવીને આવેલ હોય તેથી વાદીને કોઈપણ જાતની ન્યાયીક મદદ મળી શકે નહી. ખરી હકીકતે અ.નં.૧૯૫/૪ તથા ૧૯૬/૨ પૈકી /૪ ની ઉત્તર દીશાના શેઢેથી પશ્ચિમથી પૂર્વ તરફ જતો ગાડા માર્ગ રસ્તો હળ, સાતિ, ટ્રેક્ટર તથા હાલવા-ચાલવા માટે પ્રતિવાદી નં.૧ ના પિતાશ્રીએ મામલતદાર કોર્ટ એક્ટની કલમ-૫(૨) અન્વયે દાવો દાખલ કરતા સદરહું દાવો મહાલકારીશ્રીએ તા.૩૧/૧૨/૧૯૬૦ ના રોજ રસ્તો ખુલ્લો કરવાનો હુકમ કરેલ. સદર હુકમ આ દાવાના વાદીના ગુજરનાર પિતાશ્રી વિગેરે સામે રસ્તો ખુલ્લો કરવાનો હુકમ કરેલ, ત્યારબાદ વાદી કે તેમના પિતાશ્રીએ આજદીન સુધી તા.૩૧/૧૨/૧૯૬૦ ના હુકમની સામે કોઈ પ્રાંત અધિકારીશ્રી સમક્ષ રીવીઝન અરજી કરેલ નથી કે એપેલટ ઓથોરીટી સમક્ષ કોઈ કાર્યવાહી કે દાદ માંગેલ નથી. જેથી તે હુકમ મુજબ આજદીન સુધી વાદીએ વાદવાળી જગ્યા અંગે ૧૯૬૦ થી પ્રતિવાદીઓને રસ્તાનો ઉપયોગ કરતા અટકાવવા કોઈ તકરાર લીધેલ નથી. અને જે વ્યકિતએ પ્રતિવાદીઓને રસ્તાનો ઉપયોગ કરતા અટકાવતા તેની સામે પ્રતિવાદી નં.૧ નાએ નામ. મામલતદારશ્રી સમક્ષ હંસાબા કિશોરસિંહ ગોહિલ સામે મામલતદાર કોર્ટ કેસ નં.૦૩/૨૦૨૦, તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીનાં લાભમાં રસ્તો ખુલ્લો કરવાનો મામલતદારે હુકમ કરેલ છે તે હુકમની સામે હંસાબા કિશોરસિંહ ગોહિલે પ્રાંત અધિકારીશ્રી સમક્ષ મામલતદાર કોર્ટ/રીવીઝન/અરજી/નંબર/૦૭/૨૦૨૦ તા.૨૦/૦૪/૨૦૨૧ ના રોજ પ્રતિવાદી નંબર-૧ ના લાભમાં વાદવાળી જગ્યા સંબંધેનો હુકમ કાયમ કરેલ છે. એટલે કે હંસાબા કિશોરસિંહ ગોહિલની રીવીઝન અરજી રદ્દ કરેલ છે. તે હુકમ પ્રતિવાદી નં.૧ ના લાભમાં થયેલ હય અને રસ્તો ખુલ્લો કરવાનો હુકમ થયેલ હોવા છતાં આ કામના વાદી તથા હંસાબા કિશોરસિંહ ગોહિલના કુલમખત્યાર પદુભા કિશોરસિંહ વિગેરે જાતે મેળાપીપણા કરી મામલતદાર ઉમરાળા, તથા પ્રાંત અધિકારી શિહોર સમક્ષ હારી જતા હાલનો ખોટો દાવો કરેલ હોય તે ચાલવાપાત્ર ન હોય વાદીનો દાવો રદ્દ કરવા અરજ છે.

(૫) પ્રતિવાદીઓએ આંક-૨૧ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજૂ કરેલ છે. તેમજ પ્રતિવાદીઓએ આંક-૨૯/૧ થી આંક-૨૯/૨ માં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જે વંચાણે લીધા.

(૧) આંક-૧૯/૧ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ૨૮૯/૨૦૧૯ તા.૧૮/૦૬/૨૦૧૯ ની ઝેરોક્ષ
(ચર્તુ:દિશા)
ખરીદનાર:- હંસાબા કિશોરસિંહ
વેચનાર:- ચંદુલાલ ધનજીભાઈ

(૨)  આંક-૨૯/૨ - R.C.S. 144/2021-શિહોર સીનીયર ડીવીઝન સીવીલ કોર્ટના દાવાનો સમન્સ.

(૬) સદર દાવામાં પ્રતિવાદીઓએ માર્ક ૨૯/૧ થી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ૨૮૯/૨૦૯ ની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે, " સદરહું વેચાણવાળી જમીનનો હાલવા ચાલવા તથા ખેતીના સાધનો લાવવા લઈ જવાનો રસ્તો મનજીભાઈ જમનાદાસ સવાણીની જમીનના ઉત્તર તરફના શેઢે થઈને છે."

(૭) પ્રતિવાદીના એડવોકેટે દલીલમાં જણાવેલ છે કે, હંસાબા કિશોરસિંહ ગોહિલે રે.દી. કેસ નં.૧૪૪/૨૦૨૧ શિહોર સીનીયર સીવીલ જજની કોર્ટમાં દાવો દાખલ કરેલ છે. કારણ કે હકૂમત સીનીયર સીવીલ જજ શિહોરને છે. કારણ કે હંસાબાના રે.દિવાની કેસ નં.૧૪૪/૨૦૨૧ ના દાવાની નકલ માર્ક ૨૯/૦૨ ના સમન્સ સાથે દસ્તાવેજી પુરાવામાં રજૂ થયેલ છે. તેમાં દાવાની બાબતમાં રૂ.૩૦૦/- ના આંકત્રી દાવો વિજ્ઞાપન તથા કાયમી મનાઈહુકમ મેળવવા તથા આ કામના પ્રતિવાદી નં.૫ ના મામલતદાર કોર્ટ કેસ નં.૦૩/૨૦૨૦ ના કામે તા.૧૨/૧૧/૨૦૨૦ નાં તથા પ્રતિવાદી નં.૪ ના દ્વારા મામલતદાર કોર્ટ રીવીઝન નં.૦૭/૨૦૨૦ ના કામે તા.૨૦/૦૪/૨૦૨૧ ના વાદી હંસાબાની રીવીઝન અરજી નામંજૂર કરી, આ કામના પ્રતિવાદી નં.૫ મામલતદાર, ઉમરાળાના ઠરાવને કાયમ કરતો ઠરાવ, તેમજ પ્રતિવાદી નં.૪ ડેપ્યુટી કલેક્ટર શિહોર અને પ્રતિવાદી નં.૫ મામલતદાર ઉમરાળાના બંન્ને ઠરાવો રદબાતલ ઠરાવવા.

તેમજ શિહોરનાં સીનીયર સીવીલ જજ કોર્ટમાં રે.દી.કેસ નં.૧૪૪/૨૦૨૧ ના કામે નીચે મુજબ પક્ષકારો છે.

વાદીઃ- હંસાબા કિશોરસિંહ ગોહિલ

વિરુધ્ધ

પ્રતિવાદીઓ
(૧) ભગવાનભાઈ કાળુભાઈ સવાની
(૨) ચંદુલાલ ધનજીભાઈ સવાણી
(૩) મનજીભાઈ ધનજીભાઈ સવાણી
(૪) ડેપ્યુટી કલેક્ટર શિહોર
(૫) મામલતદાર ઉમરાળા
(૬) ગુજરાત રાજ્ય

આ દાવામાં પ્રતિવાદીઓના એડવોકેટે દલીલ કરેલ છે કે, જે રીતે રે.દીવાની કેસ

નં.૧૪૪/૨૦૨૧ માં હંસાબાએ સીનીયર સીવીલ જજ કોર્ટ શિહોરમાં દાવા દાખલ કરેલ છે તેમજ રે.દી.કેસ નં.૧૪૪/૨૦૨૧ માં પક્ષકારો તરીકે અને પ્રતિવાદી તરીકે ડેપ્યુટી કલેક્ટર શિહોર તેમજ મામલતદાર ઉમરાળા અને ગુજરાત રાજ્ય મુખ્ય સચીવ સચીવાલય ગાંધીનગરને પક્ષકાર તરીકે જોડયા છે તે જ રીતે સદર ઉમરાળા કોર્ટનાં દાવામાં પણ મામલતદાર ઉમરાળા અને ગુજરાત રાજ્યને પક્ષકાર તરીકે જોડવા પડે છે. તેમજ સદર દાવો સીનીયર સીવીલ જજ, શિહોર, કોર્ટમાં કરવો પડે તેમ છે. જેથી સદર દાવાને નોન-જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝનો બાધ નડે છે. તેમજ સદર દાવાને હકૂમતનો બાધ નડે છે.

(૮) તેમજ વાદીએ તેમની સદર દાવા અરજીમાં પાન નંબર-૩ માં અગાઉ મામલતદાર મહાલકારી ઉમરાળાનો ઉલ્લેખ કરેલ છે. પ્રતિવાદીઓએ કોર્ટમાં હાજર થઈ આંક-૨૩ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ કરેલ છે. તેમજ માર્ક-૨૩/૧ થી ઉમરાળાના મહાલકારીશ્રી સાહેબશ્રીને તા.૩૧/૧૨/૧૯૬૦ ના હુકમની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. સદર માર્ક-૨૩/૧ વાળી તા. ૩૧/૧૨/૧૯૬૦ ના હુકમની ઝેરોક્ષ નકલ વંચાણે લેતાં તેમાં ખરી નકલ આપ્યા તા.૦૯/૦૨/૬૨ જણાવેલ છે. તેમજ ઉમરાળા મામલતદાર કોર્ટનાં મામલતદારે મામલતદાર કોર્ટ કેસ નં.૦૩/૨૦૨૦ ના ઠરાવમાં મહાલકારી ઉમરાળાના તા.૩૧/૧૨/૬૦ ના હુકમનો ઉલ્લેખ કરેલ છે. જે મામલતદાર ઉમરાળાને તા.૧૨/૧૧/૨૦૨૦ ના ઠરાવની નકલ માર્ક ૨૩/૨ ની પ્રતિવાદીઓએ રજૂ કરેલ છે. જેથી પ્રતિવાદીનાં એડવોકેટની દલીલ કરેલ છ કે, " સદર દાવો સમય મર્યાદા બહાર છે." તેમજ પ્રતિવાદીઓએ તેમના દાવાના લેખીત જવાબમાં જણાવેલ છે કે, વાદીને દાવો મૂળથી જ સમય મર્યાદા બહાર છે.

(૯) સદર દાવામાં આંક-૨૧ થી પ્રતિવાદીઓએ અરજી આપી જણાવેલ છે કે, સદર દાવાના કામે વાદી દ્વારા કોર્ટ સમક્ષ સત્ય હકીકત છુપાવી તેમજ વાદવાળી જગ્યા સંદર્ભે તા.૩૧/૧૨/૧૯૬૦ ના રોજ મહાલકારી સાહેબ ઉમરાળામાં વાદીના પિતા જેઓ પ્રતિવાદી નં.૨ તરીકે જમનાદાસ લખમણ વિગેરે સામે મામલતદાર કોર્ટ એક્ટની કલમ-૫(૨) નીચે તેમની સામે મનાઈહુકમ આપવામાં આવેલ છે જેની નકલ આ સાથે અગલ લીસ્ટથી રજૂ કરેલ છે. સદર હુકમની જાણ વાદીને વર્ષોથી હોય તેમજ મામલતદાર કોર્ટ કેસ નં.૦૩/૨૦૨૦ ના કામે આ કામના વાદીએ સદર મામલતદાર કોર્ટ કેસના કામે તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ થયેલ પંચનામામાં પંચ તરીકે સર્કલ ઓફીસરશ્રી ઉમરાળા સમક્ષ સહી કરેલ છે. તેની નકલ રજૂ કરેલ છે. તેમજ તા.૦૫/૧૧/૨૦૨૦ ના રોજ તથા તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ સોગંદનામું મામલતદાર રુબરુ રજૂ કરેલ જેની કોપી રજૂ કરેલ છે.

ઉપરોક્ત કેસ સંબંધે મામલતદારે તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીના લાભમાં રસ્તો ખુલ્લો કરવાનો હુકમ થયેલ છે તેમજ આ હુકમની સામે પ્રાંત અધિકારી સમક્ષ મામલતદાર કોર્ટ/રીવીઝન/ અરજી/નંબર/૦૭/૨૦૨૦ તા.૨૦/૦૪/૨૦૨૧ ના રોજ પ્રતિવાદીના લાભમાં વાદવાળી જગ્યા સંબંધે હુકમ થયેલ છે. જેની નકલો રજૂ છે. સદરહું હકીકત સંદર્ભે વાદી સારી રીતે જાણતા હોવા છતાં મામલતદાર સમક્ષ કે પ્રાંત અધિકારી સમક્ષ, મામલતદાર કોર્ટ એક્ટ નીચે રસ્તા બાબતની તકરાર હોય, વાદીએ જે તે સમયે પક્ષકાર તરીકે જોડાઈ મામલતદારશ્રી સમક્ષ રસ્તાની તકરાર બાબતે દાવો કરી પોતાનો બચાવ કરી શકયા હતા તેમ નહી કરી આપ સાહેબશ્રી સમક્ષ સત્ય હકીકતો છુપાવી અને મામલતદાર એક્ટની કલમ-૫(૨) તળે રસ્તા બાબતની તકરારની જ્યુરીડીકશન ફક્ત મામલતદાર કોર્ટ એક્ટ નીચે મામલતદારશ્રી હોય તેથી એકતરફી મેળવેલ સ્ટેટસ કરવાનો હુકમ વાદી મેળવવા હક્કદાર ન હોય, જેથી આ સાથે રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ઉપરોક્ત હકીકત લક્ષમાં લઈ વચગાળાનો સ્ટેટસ કર્યાનો હુકમ વેકેટ કરવા હુકમ કરવા અરજ છે.

(૧૦) મામલતદાર કોર્ટ એક્ટની કલમ-૫(૨) મનાઈ હુકમ કાઢવાની સત્તા.

સદરહું કોર્ટને તે જ જોગવાઈઓને આધિન રહીને સદરહું હદમાં (જ્યાં પેટા કલમ(૧) માં ઉલ્લેખેલો અવરોધ કરવામાં આવ્યો હોય અથવા તે કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ હોય ત્યાં અથવા) ખેતી કે ચરાઈ કે ઝાડ કે પાક કે મત્સ્ય ઉધોગ માટે વપરાતી કોઈ જમીન કે જગ્યાનો કબજો ધરાવવાનો કોઈ વ્યકિતને અથવા ખેતીના હેતુ માટે વપરાતા કોઈ કુવાના, તળવાના નહેરના અથવા કુદરતી કે કૃત્રીમ કોસના પાણીનો ઉપયોગ કરવામાં અથવા આવવા જવાના રસ્તાને અથવા તેના પરંપરાગત માર્ગોનો ઉપયોગ કરવામાં કોઈ વ્યકિતને કાયદા પ્રમાણે કામ ચલાવ્યા સિવાય અડચણ કરે ત્યારે અથવા તે પ્રમાણે હરકત અથવા અડચણ કરવાનો પ્રયત્ન કર્યો હોય ત્યારે ( આવો અવરોધ કરતી અથવા કરવાનો પ્રયત્ન કર્યો હોય તેવી વ્યકિતને ફરીથી ( અવરોધ નહી કરવાનું અથવા તેમ કરવાનો પ્રયત્ન નહી કરવાનો) અથવા આવી હરકત કે અડચણ નહી કરવાનું કે તેમ કરવાનો પ્રયત્ન નહી કરવાનું ફરમાવવાનો મનાઈ હુકમ કાઢવાની સત્તા રહેશે.

(૧૧) સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર ૭ રુલ ૧૧ માં જોગવાઈ છે કે, દાવા અરજી સ્વીકારવાનો ઈન્કાર.

નીચેના પ્રસંગોમાં દાવા અરજી સ્વીકારવાનો ઈન્કાર થઈ શકે.

(એ) જો તેમાંથી દાવાના કારણને સ્પષ્ટ થતા ન હોય,

(બી) જો માગેલી દાદનું મૂલ્ય ઓછુ આંકેલું હોય અને અદાલતે નિશ્ચિત કરેલા

સમયમાં તે મૂલ્યાંકન સુધારવા વાદીને સૂચના કર્યા છતાં વાદી તેમ કરવામાં નિષ્ફળ જાય.

(સી) જ્યારે માંગેલી દાદનું મૂલ્યાંકન યોગ્ય હોય પણ દાવા અરજી અપૂરતા સ્ટેમ્પ પેપર ઉપર લખાયેલ હોય અને અદાલતે અમુક નિશ્ચિત સમયમાં જરૂરી સ્ટેમ્પ પેપર પૂરા પાડવા વાદીને સુચના આપી હોય પણ વાદી નિષ્ફળ જાય.

(ડી) દાવા અરજીનાં કોઈ વિધાનથી દાવો કોઈ કાનૂનથી પ્રતિબંધિત હોવાનું લાગે.

(૧૨) આ કેસમાં ઉમરાળાના મહાલકારીએ તા.૩૧/૧૨/૬૦ ના રોજ હુકમ કરેલ છે. વાદીએ ૬૧ વર્ષ બાદ કોર્ટમાં સદર દાવો રજૂ કરેલ છે. જેથી વાદીના દાવાને સમય મર્યાદા અધિનિયમ,૧૯૬૩ નો બાધ નડે છે. ધી લીમીટેશન એક્ટ ૧૯૬૩ આર્ટીકલ ૫૯ મુજબ વાદીએ સદર દાવો દાખલ કરવાની સમય મર્યાદા ત્રણ વર્ષ છે. જેથી વાદીના દાવાને ધી લીમીટેશન એક્ટ આર્ટીકલ ૫૪ નો બાધ નડે છે.

માનનીય સુપ્રીમ કોર્ટે ડાહીબેન વિરુદ્ધ અરવીન્દભાઈ કલ્યાનજી ભાનુશાલીના કેસમાં તા.૦૯/૦૭/૨૦૨૦ ના રોજ અપીલ નં.૯૫૧૯ સને ૨૦૧૯ (Arising out of SLP (civil) N..11618 of 2017) ના કેસમાં ઠરાવેલ છે કે, **" The present Civil Appeal has been filed to challenge the impugned Judgment and order dated 19-10-2016 Passed by a division Bench of the Gujarat High Court, which affirmed the order of the Trial Court, allowing the application filed by Defendant Nos.-2 and 3 / Respondent Nos. 2 and 3 herein under order v11 Rule 11(d), CPC holding that the suit filed by the Appellant and Despondent Nos. 9 to 13 herein (herein after referred to as the " plaintiffs ) was barred by limitation.**

**The Limitation Act, 1963 prescribes a time-limit for the institution of all suits, appeals, and applications. section 2(J) defines the expression " period of limitation " to mean the period of limitation prescribed in the schedule for suits, appeals or applications. section 3 lays down that every suit instictated after the prescribed period shall be dismissed even though limitation may not have set up as a defence If a suit is not covered by any specific article, then it would fall within the residuary**

**article. Article 58 and 59 of the schedule to the 1963 Act, prescribe the period of limitation for filing a suit where a declaration is sought or cancellation of an instrument or rescission of a contract, which reads as under 59 To cancel or set aside an instrument entitling the plaintiff or decree or for the rescission of a contruct.**

**Three years period of limitation The provision of Order V11 Rule 11 is mandatory in nature. If the court finds that the suit is barred by any law, the Court has no uption but to reject the plaint the power undrt Order V11 Rule 11 CPC may be exercised by the Court at any stage of the suit, either before registering the plaint, or after issuing summons of the defendarts, or before conclusion of the trial.**

**The trial court has rightly exercised the power under Order V11 Rule 11 CPC, by allowing the application filed by Respondent Nos 2 & 3, which was affirmed by the High Court. In view of the a foresaid discnssion the present Civil Appeal is dismissed with costs.**

**સદર દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે. માનનીય સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ આ કેસમાં લાગુ પડે છે. જેથી વાદીનો દાવો ઓર્ડર ૭ રુલ ૧૧ મુજબ નામંજુર કરવામાં આવે છે.**

(૧૩) **સદર દાવાને હકૂમતનો બાધ નડે છે. વાદીએ સદર દાવો મામલતદાર કોર્ટ એકટની કલમ-૫(૨) તળે મામલતદાર કોર્ટમાં કરવો પડે. અથવા જે રીતે હંસાબા કિશોરસિંહ ગોહિલે રે.દિ.કેસ નં.૧૪૪/૨૦૨૧ સીનીયર સીવીલ જજની કોર્ટમાં મામલતદાર, ડેપ્યુટી કલેકટર અને ગુજરાત રાજ્ય મુખ્ય સચીવને પક્ષકાર તરીકે જોડીને કર્યો તે જ રીતે સદર વાદીએ સદર દાવો સીનીયર સીવીલ જજ શિહોરની કોર્ટમાં મામલતદાર ઉમરાળા અને ગુજરાત રાજ્ય, મુખ્ય સચીવને પક્ષકાર તરીકે જોડીને કરવો પડે. જેથી સદર દાવાને હકૂમતનો બાધ નડે છે.** Hatti Vs. sunder singh **ના કેસમાં માનનીય સુપ્રીમકોર્ટે તા.૧૧/૦૯/૧૯૭૦ ના રોજ ઠરાવેલ છે કે,** (A.I.R. 1972 Suprem Court 2320) Civil Appeal No.1228 **સને-૧૯૬૬ માં ઠરાવેલ છે કે, " એકમાત્ર રેવન્યુ કોર્ટને સત્તા મળેલ હોય તો તે પ્રશ્નનો નિકાલ કરવા દિવાની કોર્ટને હકૂમત નથી.**

**મામલતદાર કોર્ટ એકટ ૧૯૦૬ ની કલમ-૩ માં જણાવેલ છે કે " મામલતદાર " શબ્દમાં રેવન્યુ ઓફીસરનો સમાવેશ થઈ જશે. જેથી સદર દાવો દાખલ કરવાની હકૂમત ધી મામલતદાર કોર્ટ**

એક્ટ ૧૯૦૬- કલમ ૫(૨) હેઠળ મામલતદાર કોર્ટને છે. જેથી વાદીનાં દાવાને હકૂમતનો બાધ નડે છે. જેથી સી.પી.સી. ઓર્ડર-૭ રુલ-૧૧ મુજબ વાદીના દાવા હકૂમતને બાધ નડતા હોઈ રદ્દ થવાને પાત્ર છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

આ દાવામાં આંક-૫ ની મનાઈ હુકમની અરજી ઉપર વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરુદ્ધ સદર આંક-૫ ની અરજીના પેરા ૬(અ) મુજબ એકતરફી કામ ચલાવવાનો મનાઈ હુકમ સી.પી.સી ઓર્ડર ૩૯ રુલ ૧,૨,૩ મુજબ તથા કલમ-૧૫૧ અન્વયે ફરમાવવામાં આવે હતો. જે મનાઈ હુકમ વેકેટ કરી ઉઠાવી દેવામાં આવે છે. તેમજ વાદીની આંક-૩૨ ની અરજી ઉપર પ્રતિવાદીઓએ તા.૨૯/૦૬/૨૦૨૧ ના રોજ વાદીનો મનાઈ હુકમ લંબાવવા સામે સખત્ત વાંધો લીધો હતો. અને જણાવેલ કે વાદીએ પ્રતિવાદીઓને હાલના દાવાવાળો રસ્તો હાલવા ચાલવા દેતા નથી તેમજ ટ્રેક્ટર લઈને જવા દેતા નથી. જેથી વાદી પ્રતિવાદીઓને દાવાવાળા રસ્તાથી હાલવા ચાલવા દે તથા ટ્રેક્ટર લઈને જવા દે તેવો હુકમ કરવા વિનંતી છે. તેમજ પ્રતિવાદીઓએ આંક-૨૭ ની વાદીની અરજીમાં પણ વાંધો લઈ જણાવેલ છે કે, હાલમાં વરસાદી વાતાવરણ છે, ખેતી કરવાની છે જેથી મનાઈ હુકમ લંબાવવા સામે તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ પણ વાંધો લીધેલ છે. તેમજ પ્રતિવાદીઓએ આંક-૨૧ થી વાદીનો મનાઈ હુકમ વેકેટ કરવા અરજી કરેલ હતી જે નીચે મુજબ છે.

સદર દાવાના કામે વાદી દ્વારા નામ. કોર્ટ સમક્ષ સત્ય હકીકત છુપાવી તેમજ વાદવાળી જગ્યા સંદર્ભે તા.૩૧/૧૨/૧૯૬૦ ના રોજ મહાલકારી સાહેબશ્રી ઉમરાળાએ વાદીના પિતાશ્રી જેઓ પ્રતિવાદી નં.૨ તરીકે જમનાદાસ લખમણ વિગેરે સામે મામલતદાર કોર્ટ એક્ટની કલમ-૫(૨) નીચે તેમની સામે મનાઈહુકમ આપવામાં આવેલ છે જેની નકલ આ સાથે અલગ લીસ્ટથી રજુ કરેલ છે. સદર હુકમની જાણ વાદીને વર્ષોથી હોય તેમજ મામલતદાર કોર્ટ કેસ નં.૩/૨૦૨૦ ના કામે આ કામના વાદીએ સદર મામલતદાર કેસના કામે તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ થયેલ પંચનામામાં પંચ તરીકે સર્કલ ઓફીસરશ્રી ઉમરાળા સમક્ષ સહી કરેલ છે તેની નકલ રજુ કરેલ છે. તેમજ તા.૦૫/૧૧/૨૦૨૦ ના રોજ તથા તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ સોગંદનામું મામલતદારશ્રી રુબરુ સમક્ષ રજુ કરેલ જેની કોપી રજુ રાખેલ છે. ઉપરોક્ત કેસ સંબંધે નામ. મામલતદારશ્રી સમક્ષ તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીના લાભમાં રસ્તો ખુલ્લો કરવાનો હુકમ થયેલ છે તેમજ આ હુકમની સામે પ્રાંત અધિકારીશ્રી સમક્ષ મામ.કોર્ટ/રીવીઝન/અરજી/નંબર/૭/૨૦૨૦, તા.૨૦/૦૪/૨૦૨૧ ના રોજ પ્રતિવાદીના લાભમાં વાદવાળી જગ્યા સંબંધે હુકમ થયેલ છે. જેની નકલો રજુ રાખેલ છે અને સદરહું હકીકત સંદર્ભે વાદી સારી રીતે જાણતા હોવા છતાં મામલતદારશ્રી સમક્ષ કે પ્રાંત અધિકારીશ્રી સમક્ષ, મામલતદાર કોર્ટ એક્ટ નીચે રસ્તા બાબતની તકરાર હોય, વાદીએ જે તે સમયે

પક્ષકાર તરીકે જોડાય મામલતદારશ્રી સમક્ષ રસ્તાની તકરાર બાબતે દાવો કરી પોતાનો બચાવ કરી શકતા હતા, તેમ નહી કરી સત્ય હકીકતો છુપાવી અને મામલતદાર એક્ટની કલમ-૫(૨) તળે રસ્તા બાબતની તકરારની જ્યુરીડીકશન ફક્ત મામલતદાર કોર્ટ એક્ટ નીચે મામલતદારશ્રી હોય જેથી એકતરફી મેળવેલ સ્ટેટસ હુકમ વાદી મેળવવા હકકદાર ન હોય, જેથી દસ્તાવેજી પુરાવાઓ તથા ઉપરોક્ત હકીકત લક્ષમાં લઈ વચગાળાના સ્ટેટસનો હુકમ તા.૧૪/૦૬/૨૦૨૧ સુધીનો કરેલ છે તે હુકમ વેકેટ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

જેથી આ દાવામાં પ્રતિવાદીઓની આંક-૨૧ ની અરજી મંજુર કરવામાં આવે છે. આ દાવામાં અગાઉ વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરુધ્ધમાં ફરમાવવામાં આવેલ મનાઈ હુકમ આથી ઉઠાવી લેવામાં આવે છે તથા દાવો દાખલ થયા તારીખે દાવાની જગ્યાએ જે રસ્તો હતો તે જુના રસ્તામાં પ્રતિવાદીઓએ હાલવું ચાલવું તથા ટ્રેક્ટર લઈ જવા દેવા વાદીઓએ કોઈ અટકાયત રુકાવટ કરવી નહી કારણ કે માર્ક-૨૩/૧ થી પ્રતિવાદીઓએ મહાલકારી ઉમરાળાનો તા.૩૧/૧૨/૬૦ નો હુકમ રજુ કરેલ છે. વાદીનાં દાવાને હકૂમતનો બાધ નડે છે. જેથી સી.પી.સી. ઓર્ડર-૭ રુલ-૧૧ મુજબ વાદીના દાવા હકૂમતને બાધ નડતા હોઈ રદ્દ થવાને પાત્ર છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- પ્રતિવાદીઓની આંક-૨૨ ની સી.પી.સી ઓર્ડર-૭ રુલ-૧૧ હેઠળ વાદીનો દાવો નામંજૂર કરવાની અરજી મંજૂર (Granted) કરવામાં આવે છે.
- સી.પી.સી. ઓર્ડર-૭ રુલ-૧૧ હેઠળ વાદીનો દાવો નામંજૂર (Reject) કરવામાં આવે છે.
- પ્રતિવાદીઓની આંક-૨૧ ની અરજી મંજુર કરવામાં આવે છે. તેમજ આ દાવામાં વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરુદ્ધમાં આપવામાં આવેલ મનાઈ હુકમ આથી ઉઠાવી લેવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૨, માહે-જુલાઈ, સને-૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૦૨/૦૭/૨૦૨૧
ઉમરાળા

( સંજય શાંતીલાલ બ્રહ્મભટ્ટ)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
ઉમરાળા.
કોડ નં. જીજે૦૦૪૯૨

( આર.સી.પારેખ )